

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ધર્મનો આંચળો ઓઢી આતંક ફેલાયો છે,*
*રંગના ભેદભાવો વૈરભાવ બંધાયો છે.*
*ખેલાય છે ખેલ-નિર્મમ-નિર્દય-નિષ્ઠૂર,*
*ઊંડી ચિંતામાં વિશ્વનો આનંદ વિલાયો છે.*

હાઈકુ

*વેરઝેરમાં*
*અમૂલ્ય જિંદગીઓ-*
*વેર વિખેર*

*માનવ હદે*
*મરી છે માનવતા-*
*ફૂટે આતંક...*

### ચિંતન

*ગુણવદાશ્રયાન્નિર્ગુર્ણોઅપિ ગુણી ભવતિ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવ્યો છે.**

**ગુણવાનના શરણમાં નિર્ગુણ પણ ગુણી બની જાય છે.**

**સદગુણી લોકોના સંગમાં રહેવાથી ભલભલો નિર્ગુણી દુર્જન પણ ગુણવાન બની જાય છે. અનુભવી લોકોની સાથે રહેવાથી અનુભવહીન પણ વ્યવહારપટુ બની જાય છે. આથી, મનુષ્યે સજ્જનો, સંતો અને વિદ્વાનોનો જ સંગ કરવો જોઈએ.**

**સંસાર-જીવનમાં સત્સંગનો મોટો મહિમા છે. સજ્જન-સંત-વિદ્વાન અને અનુભવી લોકોની સાથે રહેવાથી એમના આચરણ-વ્યવહાર-વર્તન અને વિચારોની પણ આપણા પર સતત અસર થયા કરે છે. આવા લોકોના વાચન-વિચારના અનુભવ જ આપણા જીવનને કેળવણી આપે છે.**

### સુવિચાર

- તકલીફોને જીતનાર તેનો સામનો કરનારા કરતાં વધારે સલામત છે - **શિવ ખેરા**
- તમને મળેલ સદ્ભાગ્યનો સરવાળો કરો, નહીં કે તમારી તકલીફોનો - **અમૃતબિંદુ**
- વિજેતાઓ મર્યાદાને બદલે સામર્થ્ય પર વધારે ધ્યાન આપે છે. વિજેતા બનો. - **રોબિન શર્મા**
- આપણી ટીકા બીજી વ્યક્તિનો પરિચય નથી, પણ આપણે ટીકાખોર હોવાની સાબિતી છે. **- એસ. ભટ્ટાચાર્ય**
- સાચા થવા કરતાં માયાળુ બનવાનું પસંદ કરો, તો આપોઆપ સાચા થઈ જશો. - **ફ્રેડરિક નિત્શે**
- ખઆલી ખિસ્સાની ચિંતા ન કરો. ચિંતા કરવી હોય તો ખાલી માથાની અને ખાલી હૃદયની કરો. - **બોધિવૃક્ષ**

**આજનું ઔષધ :**

શ્વેત અપરાજિતાના મૂળને પાણી સાથે ઘસી રોજ સવારે પીવાથી તેની ઉપર ઘી લગાડેલ રોટલી ખાવાથી કાકડા બેસી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવાન. રોજ કસરત કરતો. તે ધીમે ધીમે તાકતવર પહેલવાન બની ગયો હતો. તે પોતાની શક્તિ અને બળથી વાકેફ હતો. અન્ય લોકોના ઝઘડામાં પણ તે વચ્ચે પડતો અને મારામારી કરતો. એની છાપ એક ઝઘડાળુ યુવાન તરીકે પડી ગઈ હતી. યુવાનના ઘરના સભ્યોએ એને ઝઘડા ન કરવા ખૂબ સમજાવ્યો પણ યુવાનના વર્તનમાં કોઈ સુધારો ન થયો. યુવાનના વડીલો સંત પાસે ગયા. અને પરિસ્થિતિ સમજાવી. સતત ગુસ્સે થવાને કારણે રોજરોજ ઝઘડા કરવાને કારણે થથા નુકશાન વિશે યુવાનને સમજાવવા માટે વિનંતી કરી. સંતે કહ્યું, મને એકવાર તેને મળવા મોકલજો, હું તેને સમજાવીશ. બીજે દિવસે યુવાન સંતને મળવા પહોંચ્યો. સંતે કહ્યું, ભાઈ હું તમને જે પૂછું તેનો સમજી વિચારીને જવાબ આપજો. યુવાને કહ્યું, હા. સંતે કહ્યું, કોઈ તારા જેવો તાકતવર પહેલવાન તારી સમક્ષ આવી ગાલીગલોચ કરે તો તું શું કરે ? અને તને કયું કામ અઘરું લાગે ? સામેના યુવાનને સામે મુક્કો મારવાનું કે પછી એવા સમયે બંને હાથ ખિસ્સામાં રાખીને શાંત રહેવાનું ? યુવાન તો વિચારમાં પડી ગયો. પછી બોલ્યો, આવા સમયે ખિસ્સામાં બંને હાથ રાખી શાંત રહેવાનું કામ મારા માટે અઘરું છે અને તે ગાલી-ગલોચ કરનારને મુક્કો મારવાનું કામ સહેલું લાગે છે. સંતે કહ્યું, શાબાશ, મને પણ આ જ જવાબની આશા હતી. હવે તું મને કહે કે તારા જેવા વીર-બહાદુર યુવાનને સરળ કામ કરવું ગમશે કે અઘરું કામ કરવું ગમશે ? યુવાને કહ્યું, જે અઘરું હોય તે જ. સંતે આંખથી ઈશારો કર્યો. યુવાનની આંખ ઊઘડી ને તે ધીરજવાન, શાંત, ક્ષમાશીલ બનવાના સોગન લઈ વિદાય થયો.

# ઓછી તો ઓછી પણ હરિફાઈ તો છે

**તંત્રીસ્થાનેથી...**

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં એક જ નાયક હતો - વડાપ્રધાન પદના એનડીએ ગઠબંધનના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ એમની છટાદાર વાણીથી જનસમુદાયને એટલી હદે પ્રભાવિત કરી દીધો હતો કે બાકીના તમામ નેતાઓ જેમ સૂર્ય ઊગતાંની સાથે તારા દેખાતા બંધ થઈ જાય છે એમ સાવ જ ઝાંખા પડી ગયા હતા. મોદી ભારતીય રાજકીય ક્ષેત્રના મહાનાયક તરીકે ઊપસી આવ્યા હતા. એમની જાદુઈ વાણી અને 'અચ્છે દિન'ની ખાતરી પર ઓળઘોળ થઈ ગયેલા મતદારોએ ભાજપને કલ્પનાતીત વિજય અપાવ્યો હતો. કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ કે જેના પ્રતિનિધિ તરીકે ડૉ. મનમોહનસિંહે બે ટર્મ સુધી નેતૃત્વ કર્યું હતું એમની પાસે વાણીનું વરદાન નહોતું. નહેરુ ગાંધી પરિવારના કહ્યાગરા વડાપ્રધાન તરીકેની છાપ ધરાવતા ડૉ. મનમોહનસિંહના કાર્યકાળમાં ભારત જેવા ત્રીજા વિશ્વના દેશે આર્થિક ક્ષેત્રે કાઠું કાઢ્યું હતું. પરંતુ ગઠબંધન ધર્મ બજાવવા જતાં એમને ઘણા કૌભાંડકારી સાથી પક્ષોનાં કુકર્મો સામે આંખ આડા કાન કરવા પડ્યા હતા. રાહુલ ગાંધી હજી રાજકારણની બારાખડી શીખી રહ્યા હતા અને કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતાઓ પૈકી પ્રણવ મુખર્જીને રાષ્ટ્રપતિ પદે બેસાડી દઈ નિષ્ક્રિય બનાવી દેવાયા હતા. મુલાયમસિંહ ક્યારેક વડાપ્રધાન પદનાં સપનાં જોતા હતા પરંતુ મોદી વાવાઝોડામાં એ માત્ર પોતાની થોડીક પારિવારિક બેઠકોને જ બચાવી શક્યા હતા. માયાવતીની પાર્ટીનું સમૂળગું નામું જ લખાઈ ગયું હતું. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસનો ગઢ મહદંશે અકબંધ રહ્યો હતો પરંતુ કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષને અધિકૃત વિપક્ષનો દરજ્જો મેળવવા જરૂરી બેઠકો પણ મળી નહોતી.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી આવતાં સુધીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જાદુ મહદંશે ઓસરી ગયો હોય એવું વાતાવરણ સર્જાયું હતું. કોંગ્રેસમુક્ત ભારતનું સપનું લઈને નીકળેલા મોદી અને એમના વફાદાર પાર્ટી અધ્યક્ષ અમિત શાહને છેલ્લે થયેલ પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં મોટો પછડાટ સાંપડ્યો હતો. એ પછડાટ આપવામાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી લઈ રાતદિવસ પરિશ્રમ કરનારા રાહુલ ગાંધીનો મોટો ફાળો હતો. રાહુલ ગાંધીએ એમના વિશેની દ્દઢીભૂત થઈ ગયેલી પપ્પુ બ્રાન્ડ છાપ ભૂંસી નાખી રાષ્ટ્રીય ફલક પર એક જવાબદાર રાષ્ટ્રીય નેતા તરીકે ઉપસવાનો પ્રયાસ કર્યો જેમાં એ મહદંશે સફળ પણ રહ્યા.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મોદી અને રાહુલ ગાંધી એ બે વચ્ચે જ પસંદગી કરવાની હોય એવું વાતાવરણ બની ગયું, જેમાં ઍરસ્ટ્રાઈક અને સૅટેલાઈટ મિસાઈલ જેવા મુદ્દાઓ પર સવાર થઈ મોદી ફરી એકવાર મહાનાયક નહીં તો નાયક તરીકે જનમાનસમાં છવાઈ શક્યા. પરંતુ સામે પક્ષે 'ચોકીદાર ચોર હૈ'નું રાહુલસૂત્ર પણ એટલું જ લોકપ્રિય બન્યું. રાહુલ ગાંધી કદાચ કોંગ્રેસને સત્તાસ્થાન પર પહોંચી ન શકે, પરંતુ એક જવાબદાર વિપક્ષી નેતા તરીકે એણે વર્તમાન ભારતીય રાજકીય ક્ષેત્રે સહનાયકની ભૂમિકા તો ભજવી જ જાણી છે. ભાગ્યે જ કોઈ એમે ખલનાયક કહી શકે એવું સૌમ્ય, સોહામણું વ્યક્તિત્વ ધરાવતા રાહુલ ગાંધી મોદીના ભાવિ વિકલ્પ તરીકે જરૂર ઊપસી શક્યા છે.

# બળાત્કાર એ ભારતીય સંસ્કૃતિની નહીં, આયાતી સંસ્કૃતિની દેન



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

જે દેશમાં દેવી દેવતાને પૂજવામાં આવે છે, સ્ત્રીઓની પૂજા કરવામાં આવે છે તેવા દેશમાં બળાત્કારની માનસીકતા કયાંથી આવી? બળાત્કારના મુળમાં જઈએ તો બળાત્કારનો ઉદ્દભવ કયાંથી થયો? કઈ સંસ્કૃતિમાંથી આ દુષણ ઉભું થયું? તેનો ઈતિહાસ જાણવો જરૂરી બને છે.

મહાભારતમાં પાંડવોની જીત થઈ લાખોની સંખ્યામાં યોધ્ધાઓ માર્યા ગયેલા પરંતુ કોઈપણ પાંડવ કે તેની સેનાએ સામા પક્ષની વિધવા સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરેલ હોવાનો ઉલ્લેખ નથી.

ડેમોટ્રિયસના વંશના મીનેડર ઈસા પૂર્વ ૧૬૦થી ૧૨૦ને નવમાં બૌધ્ધ શાસક વૃદહથને પરાજીત કરી સીન્ધ તથા પંજાબથી લઈને મથુરા સુધી તેણે રાજ કર્યુ પરંતુ તેના શાસનમાં પણ કયાંય ઈતિહાસમાં બળાત્કારનો ઉલ્લેખ શુધ્ધા નથી. સીંકદરે ભારત ઉપર લગભગ ૩૨૬ થી ૩૨૭ ઈસા પૂર્વ આક્રમણ કરેલ જેમાં હજારો સૈનિકો માર્યા ગયેલા યુધ્ધ જીત્યાબાદ પણ રાજ પુરૂની બહાદુરીથી પ્રભાવિત થઈ સીંકદરે જીતેલા રાજયો પુરૂને પરત કરેલ અને પરત ફર્યો હતો. વિજેતા હોવા છતાં પણ યુનાનિયો (યવનો)ની સેનાએ કોઈપણ ભારતીય મહિલાની સાથે બળાત્કાર કરેલ નથી કે ધર્મ પરિવર્તન કરાવેલ નથી. ત્યારબાદ શકોએ ભારત ઉપર આક્રમણ કર્યુ. ઈસા પૂર્વ ૭૮ થી ૨૧૭ સવંત શરૂ થયેલ સીન્ધ નદીના ઉપર મીગરને તેમણે તેમની રાજધાની બનાવી ગુજરાત ક્ષેત્રમાં સૌરાષ્ટ્ર, અંવતિકા, ઉજ્જયની, ગંધાર, સીન્ધ, મથુરા સહિત મહારાષ્ટ્રના મોટોભાગ ઉપર ૧૩૦ ઈસા પૂર્વ થી ૧૮૮ ઈસા પૂર્વ સુધીના રાજયોમાં તેમના શાસનમાં બળાત્કારની કોઈ જ ઘટના ઈતિહાસમાં નોંધાયેલ નથી.

ત્યારબાદ તબટના યુઈસી (યુસી) કબીલાની લડાઝ જાતી પ્રજાતી કુષાણોએ કાબુલ અને કંધાર ઉપર પોતાનો અધિકાર કાયમ કરી લીધેલ જેમાં કનિષ્ક પ્રથમ ૧૨૭-૧૪૦ ઈસા પૂર્વથી બધાથી શક્તિશાળી સમ્રાટ હતો જેમના શાસનમાં કાશ્મીરથી ઉત્તર સીન્ધ તથા પેશાવરથી સારનાથથી આગળ સુધીનો વિસ્તાર સામ્રાજય ફેલાયેલ પરંતુ કુષાણોને પણ ભારત ઉપર લાંબા સમય સુધી શાસન કર્યુ પરંતુ તેના સમયમાં ઈતિહાસમાં કયાંય નથી લખ્યુ કે ભારતીય સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયો હોય.

ત્યારબાદ અફઘાનીસ્તાન થઈ ભારતમાં આવેલા હુણોને ૫૨૦ ઈ.સ. સમય ગાળામાં ભારતના અધિક ભાગમાં મોટી માત્રમાં આક્રમણ કરેલ અને રાજયો જીતી તેણે રાજય કરેલ પરંતુ તેના સમયમાં પણ ઈતિહાસમાં કયાંય સ્ત્રીઓ ઉપર વ્યભિચારના બનાવો નોંધાયેલા નથી. નેપાવંશી "શકય"માં બળાત્કાર શબ્દ ભારતમાં ત્યાં સુધી કોઈને માલુમ ન હતો. મધ્યકાલીન ભારતમાં ઈસ્સાની આક્રમણથી શરૂ થયો ભારતમાં બળાત્કારનો કંલક્તિ ઈતિહાસ.

ઈ.સ. ૭૧૧ માં મહમ્મદ બીન કાસીમને સીન્ધ ઉપર હુમલો કરીને રાજા દાહિરને હરાવી તેની બેટીઓને યોનદાસીઓના રૂપમાં ઉલ્લ્ખ ઈતિહાસમાં છે ત્યારે લગભગ ભારતીય સ્ત્રીઓના ઉપર પહેલીવાર હુમલા થયા અને બળાત્કારો થયા. પછી આવ્યો ૧૦૦૧ ઈ.સ. માં તાજનવી તેણે ઈસ્લામના ફેલાવા માટે જ આક્રમણ કરેલ. સોમનાથ મંદિરને લુંટી સેનાએ તોડફોડ કરેલ હજારો સ્ત્રીઓ ઉપર બળાત્કાર ગુજારી તેમને યુધ્ધ બંદી બનાવી સફઘાનીસ્તાનમાં લઈ જઈ બજારમાં સ્ત્રીઓની બોલીઓ લગાવી જાનવરો જેવી હાલત કરી વેચી દેવામાં આવી. ત્યારબાદ મહંમદ ગૌરીએ ૧૧૯૨ માં પૃથ્વીરાજ ચૌહાનને હરાવી ભારતમાં ઈસ્લામનો ઝંડો ફેલાવ્યો હજારો કાફીરોને મોતને ઘાટ ઉતારી તેની ફોજે અગણીત હિન્દુ સ્ત્રીઓ સાથે બળાત્કાર કરી તેમને પરાણે ધર્મ પરિવર્તન કરાવ્યું.

મહંમદ બીન કાસીમથી લઈને સુબુત્તીગીન બખ્તીયાર, ખીલજી, જુના ઓ ઉર્ફે અલ્લાઉદીન ખીલજી, ફિરોજશાહ, તૈમુર લંગ, આરામ શાહ, ઈલ્તુમીશ, રૂકુનહિન, મુઈજહિન, બહારામશાહ, અલ્લાહઉદીન મસુદ, નરસીરૂદીન મહમંદ, ગયાસુદીન અલ્બાની, જલાલુદીન ખીલજી, શીહાબુદીન ઉમર ખીલજી, કુતુબહીન મુબારક ખીલજી, નસરત શાહ તુગલગ, મહમંદ તુગલગ, આલમશાહ, બહલોલ લોદી, સીંકદર શાહ લોદી, બાબર, નરૂદીન સલીમ, જહાંગીરે પોતાના હરમમાં ૮૦૦૦ રખાતો રાખનાર, શાહજહાં પોતાના જ દરબારીઓ અને કમજોર મુસલમાનોની સ્ત્રીઓથી ઐયાસી કરવા મીના બજાર લગાવનાર જલાલુદીન મહંમદ અકબરથી લઈને મુહીઉદીન મહંમદથી લઈ ઓરંગજેબ સુધી બળાત્કારીઓની નામાવલી લાંબી છે જેમના સૈન્યએ હારેલ સેનાની સ્ત્રીઓને "માલએ ગનીમત" સમજી બહેરમીથી બળાત્કાર ગુજારેલ અને જેહાદ કે ઈનામના નામે વસ્તુઓની માફક સીપરસાલાહોમાં સ્ત્રીઓને વહેચવામાં આવતી.

જે સ્ત્રીઓ હરમોથી લઈ વેશ્યાલયો સુધી પહોંચી તેમના સંતાનો પણ થયા પરંતુ કયારેય તેઓ મુળ ધર્મમાં પરત ના ફર્યા. ભારત વર્ષની મહિલાઓને બચાવવા પર્દાપ્રથાની શરૂઆત થયેલ. ૧૭ મી સદીના પ્રારંભથી લઈ ૧૯૪૭ સુધી અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડીયા કંપનીના શાસનકાળમાં પણ આ બળાત્કાર જોવા મળેલ નથી. અંગ્રેજોએ ભારતને લુટેલ પરંતુ સ્ત્રીઓને લુંટેલ નહી. ૧૯૪૬ માં મહમંદ અલી જીન્હાના ડાયરેકટર એકશન પ્લાન, ૧૯૪૭ માં વિભાજનના દંગાથી લઈ ૧૯૭૧ ના બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ સુધી લાખો કાફીર મહિલાઓ ઉપર બળાત્કાર થતા રહ્યા અને અપહરણ કરી ધર્મ પરિવર્તન કરાવેલ, પાકિસ્તાન સ્થીત મુસ્લીમ ઈલાકામાં બળાત્કાર કર્યા સીવાય એકપણ કાફીર સ્ત્રી ત્યાંથી પરત ફરી શકતી નહી જે સ્ત્રીઓ ત્યાંથી જીવતી પરત ફરતી તે પોતાની મેડીકલ તપાસના કરાવતા અગર તો ડોકટરના પુછવાથી મહિલાઓનો એક જ જવાબ હતો કે કેટલા લોકોએ બળાત્કાર કરેલ છે તે પોતાને પણ યાદ નથી કેટલી યાતનાઓ વેઠી છે વિભાજન સમયે કેટલાય સ્થળોએ રોડ ઉપર સ્ત્રીઓની નગ્ન પરેડ કરાવી બોલીઓ બોલી જાહેર હરાજી કરેલ અને ૧૦ લાખ ઉપરની સ્ત્રઓને ધર્મ પરિવર્તન કરાવી પરાણે મુસ્લીમ બનાવી નિકાહ કરેલ અને પોતાના ઘરોમાં રાખેલ છે. કાશ્મીરના પંડિતો ઉપર અત્યાચાર ગુજારેલ તે જગ જાહેર છે.

# ઋતુઓ પણ ઋતુચર્યા ચાતરતી જાય, પણ એ અહર્નિશ એની એ જ



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

તમે ક્યારેય એવું ઘર જોયું છે,
જે બોલી શકતું હોય...
જે ચાલી શકતું હોય...
તમે ક્યારેય એવું ઘર જોયું છે....
જે ધ્યાન કરી શકતું હોય કોઈ સંતની જેમ
રાહ જોઈ શકતું હોય કોઈ માની જેમ
ને મ્હોરી શકતું હોય બારેમાસ વસંતની જેમ...
- એષા દાદાવાળા

ધરતીનો છેડો ઘર ! વૅકેશન પડતાં જ ફરવા જવાનું પ્લાનિંગ લગભગ બધાં જ ઘરોમાં થવા લાગે છે. ફરવા જવાનો આનંદ અકબંધ જળવાઈ રહે જો આપણે વિચારીએ કે ક્યારેય હવે ઘરે પાછા જ ન ફરવાનું બન્યું તો ? ગમે તેટલી સુંદર જગ્યાએ ફરીએ, બધી જ સુખ-સુવિધા અને સગવડ હોવા છતાં મનમાં દરેકને સતત ઈચ્છા હોય કે આ પ્રયાસ પૂરો કરીને ઘરે પહોંચીએ ત્યારે જ હાશ થાય !

આમ તો સ્ત્રીનો ઘર સાથેનો એક ગજબનો અલગ જ નાતો છે પણ છતાં ઘરના અન્ય સભ્યોનું ઘર માટેનું આકર્ષણ ઓછું તો ન જ આંકી શકાય. પુરુષ કમાઈને લાવે અને સ્ત્રી એનું ઘર સજાવે એ પરંપરાનું સ્થાન હવે બંને સાથે મળીને કમાય અને સપનાનું સુંદર ઘર બનાવે એ પ્રથા શરૂ થઈ છે. બંનેના સહવાસના સાયુજ્યનું સુંદર શમણું એટલે એક સુંદર ઘર. ચકા-ચકીની વાર્તા સમું ઘર પણ ઘરમાં પાર વગરની માયા, મમતા, આકાંક્ષા અને અપેક્ષાઓનો એક આખોય સંસાર.

ચકી ગોઢવે તે સળી અને હું ગોઠવું સોફાસેટ,
ચકીનું ઘર તે ગોખલો અને મારું ઘર તે ફ્લેટ !
ચકો ચકી મજા કરે, આખો દિ ચીં ચીં કરે !
અમે બંને ડોબા જેવા, ટીવી મોબાઈલને ખોળે !
ઘડી બે ઘડીનો સંસાર એમને, પછી ઊડી જવું બધી માયા મૂકી.
આટલું અમથું અમે શીખ્યા નહીં, છૂટ્યું બધું માયા તોય ના છૂટી !
- અજ્ઞાત

પહેલાં સંયુક્ત કુટુંબમાં રહેવામાં સ્ત્રી પિતાના ઘરને ત્યજીને સાસરે આવતી ત્યારે આ ઘર પોતાનું છે કે નહિ એ અસમંજસમાં ઘણો સમય ઘરને અનુકૂળ થવામાં વિતાવી દેતી. અને પછી જ્યારે વર્ષો બાદ એક એવું ઘર પામતી કે જેને તે પોતાનું ઘર કહી શકે અને એ સમયની તેની સંવેદના સુચિતા કપૂરની આ કવિતામાં સુપેરે વર્ણવાઈ છે.

હાશ ! કેટલું સારું લાગે છે.
આ મારું પોતાનું ઘર છે.
ભલે નાનું, ભલે થોડી અસુવિધા,
પણ આના જેટલું ખૂબસુરત ઘર,
બીજું કોઈ મેં અનુભવ્યું નથી.
ટીવી પર મનગમતી સિરિયલ
હવે હું પણ જોઈ શકીશ.
મનગમતું ગીત સાંભળી ગુનગુનાવી શકીશ.
કેટલી ? કેટલી બધી નાની નાન સહજ ખુશી,
જે મેં વર્ષોથી ભુલાવી દીધેલી, હું પામી શકીશ.
હા, હવે હું જુદી થઈ છું
સાસુ તો બોલેલાં, સ્વચ્છંદ થઈ.
પણ એમને શું કહું ?
હવે હું એમની નજરકેદમાંથી મુક્ત થઈ.
હા, હવે હું થોડી સ્વતંત્ર થઈ છું.

આપણે બધા ઘરના મોહમાં હંમેશાં જકડાયેલા અને બંધાયેલા જ હોઈએ છીએ પણ ઘરની માયા એક કોઈ ચોક્કસ સંબંધને કારણે પણ હોય છે. કોઈ એક ચોક્કસ વ્યક્તિને કારણે પણ હોય છે. મોટાભાગે એ સંબંધ મા, પત્ની અને પુત્રીના સ્વરૂપે હોય છે. અને આવી આ અમુક વ્યક્તિઓ અને અમુક સંબંધ આપણા ઘર સમા હોય છે કે જેની પાસે પહોંચ્યા પછી જ નીરવ શાંતિનો અહેસાસ થઈ શકે. પ્રજ્ઞા પટેલ ખૂબ સુંદર રીતે આ વાતને આલેખતાં લખે છે :

એક પંખી સળેકડાં, પાંદડાં વીણી વીણી
માળો ગૂંથે
એમ એ રોજેરોજ પોતાનો માળે ગૂંથ્યા જ કરે છે,
સાચવીને શણગાર્યા કરે છે, ઊછેર્યા કરે છે,
નિત્ય નૂતન ઉન્મેષોથી.
કહ્યા વિનાની લાગણીઓ ને માગણીઓ સમજી લે છે.
માળાના મેરુદંડની જેમ સહુને જોડી રાખે છે.
યંત્રો પણ જાય થાકી, ખોટકાય વળી
ઋતુઓ પણ ઋતુચર્યા ચાતરતી જાય,
પણ એ અહર્નિશ એની એ જ.

nehalgadhavi101@gmail.com

# ભારતના વડાપ્રધાનપદ સાથે ગુજરાતનો ખટ્ટમીઠો સંબંધ



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

અત્યારના ભારતીય વડાપ્રધાન મોદી વાસ્તવમાં ૧૪મા "કન્ફર્મ" વડાપ્રધાન છે અને મે ૨૦૧૯ પછી ઓછી બહુમતીએ પણ એ વડાપ્રધાન રહેવાની શક્યતા વચ્ચે અમે આ લખી રહ્યા છીએ. ભારતના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ (ફૂલપુરના સાંસદ) અને વર્તમાન વડાપ્રધાન મોદી (વારાણસીના સાંસદ) વચ્ચે દાયકાઓનું અંતર હોવા છતાં બંનેના ગુજરાત કનેક્શનની વાતનું સ્મરણ કરવું પડે. મૂળે કાશ્મીરી પંડિત એવા અલાહાબાદના નેહરુ પરિવાર અને ભરૂચના પારસી કે જરથોસ્ત્ર પરિવારના કૌટુંબિક સંબંધ કોઈ નકારી શકે તેમ નથી. નેહરુ-પુત્રી પ્રિયદર્શિની ઈન્દિરા નેહરુ-ગાંધીનાં લગ્ન વૈદિક વિધિથી બંને પરિવારોની હાજરીમાં અલાહાબાદના આનંદ ભવનમાં ૧૯૪૨માં થયાં હતાં. નેહરુનાં બહેન કૃષ્ણા રાજા (ગુણોત્તમ) હઠીસિંહ અને વિજયાલક્ષ્મી રણજિત પંડિતના પારિવારિક સંબંધો ગુજરાત સાથે રહ્યા.

**નેહરુ કરતાં સરદાર વધુ પ્રભાવી**

નેહરુએ સરદાર પટેલને વડાપ્રધાન બનવા દીધા નહીં એવું ગાણું કે ભાવનાશીલ ગપગોળા બહુ ચલાવાય છે, પણ ૧૯૫૨ની પહેલી લોકસભાની ચૂંટણીથી લઈને નેહરુની કોંગ્રેસનાં અને ઈન્દિરાની કોંગ્રેસ સામે મોરારજીની કોંગ્રેસ અને જનતા પાર્ટીનાં એમ કુલ ૨૭ વર્ષ સાંસદ રહેલાં સરદાર-પુત્રી મણિબહેન પટેલ સ્વયં દુર્ગા દાસસંપાદિત સરદાર પટેલની ગ્રંથશ્રેણીના આમુખમાં નોંધે છે કે "સરદાર પટેલ ક્યારેય વડાપ્રધાન બનવાની મહેચ્છા ધરાવતા નહોતા." પહેલા નાયબ વડાપ્રધાન તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ વડાપ્રધાન નેહરુ કરતાં પણ વધુ પ્રભાવી હતા. એટલું જ નહીં, જમ્મૂ-કાશ્મીર મામલા સહિત તમામ બાબતોમાં નેહરુ સતત સરદારની સલાહ લઈને જ આગળ વધતા હતા. નેહરુ-સરદાર યુગનાં વિરાટ વ્યક્તિત્વો પારસ્પરિક ગરિમા જાળવીને મતભિન્નતા છતાં રાષ્ટ્રહિતને કેન્દ્રસ્થાને રાખીને સાથે મળીને કામ કરતાં હતાં.

**નેહરુનિષ્ઠ મોરારજી-જગજીવન રામ**

ક્યારેક સરદારના નિષ્ઠાવંત લેખાતા મોરારજી દેસાઈએ તો સરદારને બદલે પંડિતજી સાથે જ વલ્લભભાઈની હયાતીમાં જ ગોઠવી લીધું હતું. સરદારની વાત નહીં માનવા માટે ઘણીવાર મહાત્મા ગાંધીનો આશ્રય લેતા રહ્યાની વાત એમણે આત્મકથામાં નોંધેલા પ્રસંગો પરથી ફલિત થાય છે. વડાપ્રધાનપદના આકાંક્ષી મોરારજીભાઈ નેહરુ-પુત્રી ઈન્દિરા ગાંધીની સરકારમાં નાયબ વડાપ્રધાન રહ્યા.ખુદ મોરારજીની ૧૯૭૭વાળી સરકારમાં બે નાયબ વડાપ્રધાનોમાંથી જગજીવન રામ રહી ગયા અને ચૌધરી ચરણ સિંહ વડાપ્રધાન બની ગયા હતા. બાબુ જગજીવન રામનું નેહરુ પરિવારના નિષ્ઠાવંત હોવું એમને છેક નેહરુની ૧૯૪૬માં વચગાળાની સરકારમાં સામેલ કરાયા ત્યારથી અંત સુધી ફળ્યું હતું. વાઈસરોયની કારોબારીમાં જુલાઈ ૧૯૪૨માં હિંદુ મહાસભાના નેતાઓ સાથે જ સામેલ બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરને વચગાળાની સરકારમાં લેવાનું ટાળવામાં આવ્યું હતું. ઈન્દિરાજીની ઈમર્જન્સીમાં મંત્રીપદ ભોગવ્યા પછી બાબુ જગજીવન રામ વંડી ઠેકી ગયા અને નાયબ વડાપ્રધાન થયા હતા.

**નેહરુ પછી વડાપ્રધાનપદે કોણ ?**

ભારતને ૧૯૪૭માં આઝાદી મળી અને ૧૯૫૦માં નાયબ વડાપ્રધાન સરદાર પટેલનું નિધન થયું હતું. સમયાંતરે નેહરુ પછી વડાપ્રધાનપદે કોણ આવશે, એવો પ્રશ્ન સતત પૂછાતો રહ્યો હતો. નેહરુની સરકારમાં ઘણા વરિષ્ઠો હતા અને તેમાં જગજીવન રામથી લઈને મોરારજી દેસાઈ જેવા મહારથી હતા. મોરારજી પોતાને નેહરુના અનુગામી ગણાવવા માંડ્યા હતા. જોકે ૧૯૬૨ના ચીન સાથેના યુદ્ધમાં નાલેશીભરી હારને પગલે નેહરુને લકવો પડ્યો. ૧૯૬૪માં જયારે નેહરુનું અવસાન થયું ત્યારે એમનાં પુત્રી અને કોંગ્રેસનાં અધ્યક્ષ રહી ચૂકેલાં ઈન્દિરા ગાંધીને બદલે નેહરુ-નિષ્ઠ લાલબહાદુર શાસ્ત્રી (અલાહાબાદના સાંસદ) વડાપ્રધાન વરાયા. ૧૯૬૫નું પાકિસ્તાન સાથેનું યુદ્ધ ટાંચાં સાધનો છતાં જીતવામાં એમના નેતૃત્વે મહત્વનું યોગદાન કર્યું,પણ તાશ્કંત ખાતે પાકિસ્તાનના સુપ્રીમો અયુબ ખાન સાથે મંત્રણાઓ માટે ગયેલા લાલબહાદુરનું નિધન થતાં ૧૯૬૬માં ફરીને દેશના વડાપ્રધાનની વરણીનો મામલો સામે આવ્યો.

- **મૂળે કાશ્મીરી પંડિત એવો અલાહાબાદનો નેહરુ પરિવાર લગ્નસંબંધે ગુજરાત સાથે ગાઢ રીતે સંકળાયેલો રહ્યો**
- **જે વડાંપ્રધાને મોરારજીભાઈને જેલમાં પૂર્યા એ ઇન્દિરા ગાંધી માટે એમણે ક્યારેય હલકા શબ્દો વાપર્યા નહોતા**
- **૩૧ ઓક્ટોબર ૧૯૮૪એ સુરક્ષા કર્મચારીઓએ ઇન્દિરાજીને ગોળીએ દીધાં અને રાજીવ ગાંધી વડાપ્રધાન થયા**
- **૧૯૯૯થી વડાપ્રધાન રહેલા વાજપેયી ૨૦૦૪માં "ઇન્ડિયા શાઈનિંગ"ના રથ પર આરૂઢ થઈને પરાજિત થયા**

**ઈન્દિરા કોંગ્રેસ અને સંસ્થા કોંગ્રેસ**

નેહરુ અને શાસ્ત્રીના નિધન વખતે હંગામી વડાપ્રધાન તરીકે તેર-તેર દિવસ માટે વરાયેલા ગુલઝારીલાલ નંદા (સાબરકાંઠાના સાંસદ) વડાપ્રધાનના હોદ્દે પસંદગી પામે એ માટે ઉત્સુક હતા, પણ નસીબે તેમને ઘણી બધી ધાર્મિક વિધિઓ છતાં યારી આપી નહીં. છેવટે શાસ્ત્રીની કેબિનેટમાં માહિતી અને પ્રસારણ મંત્રી રહેલાં શ્રીમતી ઈન્દિરા ગાંધી (રાયબરેલીનાં સાંસદ) અને મોરારજીભાઈ વચ્ચે સ્પર્ધા થઈ. મોરારજી હાર્યા. જોકે તેમને નાયબ વડાપ્રધાન અને નાણામંત્રી તરીકે રહેવા સમજાવી લેવામાં આવ્યા. ભાંગેલું મોતી રેણ થકી સંધાય નહીં, એટલે આખરે ૧૯૬૯માં રાષ્ટ્રપતિની ચૂંટણીના મુદ્દે કોંગ્રેસમાં ભંગાણ પડ્યું. ઈન્દિરા કોંગ્રેસ અને સંસ્થા કોંગ્રેસ અસ્તિત્વમાં આવી.મોરારજી દેસાઈ (સુરતના સાંસદ)ની વડાપ્રધાન થવાની મહેચ્છા ઈન્દિરા ગાંધીએ લાદેલી ઈમરજન્સી દરમિયાન જેલવાસ પછી છેક માર્ચ ૧૯૭૭માં બર આવી તો ખરી,પણ પૂર્ણ મુદત માટે એ હોદ્દે રહી શક્યા નહીં. જે વડાંપ્રધાને મોરારજીભાઈને જેલમાં પૂર્યા એ ઈન્દિરા ગાંધી માટે એમણે ક્યારેય હલકા શબ્દો વાપર્યા નહોતા, એ આ ગાંધીવાદી નેતાની ખાનદાની એમની આત્મકથામાં પણ જોવા મળે છે. એમણે કાયમ શ્રીમતી ગાંધી માટે આદરથી ઈન્દિરાબહેન જેવા શબ્દો વાપર્યા છે.એ ઉમેરે છે કે હું ઈન્દિરાબહેનનો આભારી છું કે એમણે મને અટકાયતમાં રાખ્યો એ દરમિયાન મને મારામાં રહેલી ખામીઓ અંગે આત્મનિરીક્ષણ કરવાની તક મળી. મોરારજીભાઈ કાયમ દક્ષિણ ગુજરાતની બેઠક પરથી જ લોકસભા માટે ચૂંટણી લડ્યા અને ગુજરાતની બેઠક પરથી જ વડાપ્રધાન થયા હતા. એમના વડપણ હેઠળની જનતા પાર્ટીની સરકારના બે નાયબ વડાપ્રધાનોમાંથી ચૌધરી ચરણ સિંહ (બાગપતના સાંસદ) છૂટા થયા અને ઈન્દિરા ગાંધીની કોંગ્રેસના ટેકે વડાપ્રધાન થયા તો ખરા,પણ એકપણ દિવસ માટે લોકસભાનો મુકાબલો કર્યા વિના ૧૭૦ દિવસ વડાપ્રધાન રહ્યા.

**ઈન્દિરાજી પછી રાજીવ વડાપ્રધાન**

વર્ષ ૧૯૮૦માં લોકસભાની ચૂંટણીમાં ભારે બહુમતી સાથે કોંગ્રેસનાં શ્રીમતી ગાંધી (મેડક—તેલંગણનાં સાંસદ) સત્તામાં પાછાં આવ્યાં. જોકે ભિંડરાણવાલે કાંડને પગલે ઓપરેશન બ્લ્યૂ-સ્ટાર હેઠળ અમૃતસરના પવિત્ર સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કર મોકલવાના કેન્દ્રના પગલાના પ્રત્યાઘાતરૂપે ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ વડાપ્રધાન નિવાસ પર જ તેમના સુરક્ષા કર્મચારીઓએ ઈન્દિરા ગાંધીને ગોળીએ દીધાં એટલે એમના પુત્ર રાજીવ ગાંધી (અમેઠીના સાંસદ) વડાપ્રધાન થયા. બોફોર્સની હોવિત્ઝર તોપોની ખરીદીમાં ૬૪ કરોડ રૂપિયાની દલાલીના પ્રકરણે રાજીવ માટે માઠા દિવસ આણ્યા. આજ દિવસ સુધીની તમામ સરકારોએ આ દલાલીના ૬૪ કરોડ રૂપિયા કોના ખિસ્સામાં ગયા એ શોધવામાં ૫૫૦ કરોડ રૂપિયા કરતાં વધુ ખર્ચ કર્યા છતાં એ માહિતી મળી નથી. હા, એ મુદ્દે રાજીવ સરકાર ડૂલ થઈ અને વી.પી.સિંહ (ફતેહપુરના સાંસદ) વડાપ્રધાન બન્યા.એમની સરકાર આવી અને ગઈ. એ પછી તો "આકસ્મિક" વડાપ્રધાનોની જાણે કે વણઝાર ચાલી. ક્યારેક જનતા પાર્ટીના પ્રમુખ રહીને વડાપ્રધાન મોરારજી દેસાઈની સરકારમાં જોડાવાનો ઈનકાર કરી દેનારા ચંદ્રશેખરે (બલિયાના સાંસદ) કોંગ્રેસના ટેકે ૨૨૩ દિવસ વડાપ્રધાનપદ ભોગવ્યું. વચ્ચે રાજીવ ગાંધીની મે ૧૯૯૧માં ચૂંટણી પ્રચાર દરમિયાન હત્યા થતાં કોંગ્રેસના નેતા પી.વી.નરસિમ્હા રાવ (નાદ્યાલ-તેલંગણના સાંસદ)ની લઘુમતી સરકાર પાંચ વર્ષ ચાલી. એ પછી ભાજપના અટલ બિહારી વાજપેયી (લખનઊના સાંસદ)ની સરકાર આવી અને ગઈ. એ પછી ભાજપી નેતા અટલ બિહારી વાજપેયીની સૌથી પહેલીવાર ૧૩ દિવસની સરકાર આવી અને ગઈ. એ પછી એચ.ડી.દેવેગૌડા (રાજ્યસભામાં કર્ણાટકના સાંસદ) અને આઈ.કે.ગુજરાલ (રાજ્યસભામાં પંજાબી સાંસદ)ની અલ્પજીવી સરકારના તેઓ બંને "આકસ્મિક" વડાપ્રધાન બન્યા.

**"ઇન્ડિયા શાઈનિંગ"નો રથ ભપ્પ**

પહેલાં તેર દિવસ, પછી ૧૩ મહિના અને પછી ઓક્ટોબર ૧૯૯૯થી વડાપ્રધાન રહેલા વાજપેયી વર્ષ ૨૦૦૪માં "ઈન્ડિયા શાઈનિંગ"ના રથ પર આરૂઢ થઈને ફરી વડાપ્રધાન બનવા ઈચ્છુક હતા ત્યારે એમનો મોરચો હાર્યો અને કોંગ્રેસના નેતૃત્વવાળો મોરચો સત્તામાં આવ્યો. યુપીએનાં અધ્યક્ષ સોનિયા ગાંધીની પસંદથી વડાપ્રધાનપદે ડૉ.મનમોહન સિંહ (રાજ્યસભામાં આસામના સાંસદ) આવ્યા.વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં વાજપેયી સરકારના નાયબ વડાપ્રધાન રહેલા ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ આડવાણીને વડાપ્રધાનપદ માટે આગળ કરીને ભાજપના વડપણવાળો મોરચો લડ્યો,પણ ફરીને કોંગ્રેસના વડપણવાળો મોરચો જીત્યો અને ડૉ.મનમોહન સિંહ ફરી વડાપ્રધાન થયા. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ કરીને ભાજપી મોરચો લડ્યો અને વિજયી બન્યો.

ભાજપમાં જે નેહરુ-ગાંધી પરિવારનાં કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી અને ભાજપી સાંસદ ફિરોઝવરુણ ગાંધી (બંને છો ઉત્તરપ્રદેશનાં સાંસદ હોય) પણ ગુજરાતનાં જ ગણાય કે નહીં? હમણાં તો ઈન્દિરા ગાંધીનાં સાસરિયાંના ભરૂચમાંના મકાનની ચર્ચા પણ મીડિયામાં ચાલી છે અને ડિસેમ્બર ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પછી રાહુલનું વ્યક્તિત્વ બદલાયેલું લાગ્યું અને રાજસ્થાન,મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં વિજયી થતાં સરકારો આવ્યા પછી તેમની નેતાગીરીમાં પક્ષના કાર્યકરોમાં આશાવાદ જાગ્યો છે. એમાં પક્ષનાં મહામંત્રી તરીકે પ્રિયંકા ગાંધી-વાડરા જોડાતાં ભાજપના મોરચા સામે ટક્કર લેવા વધુ સજ્જ જણાય છે.

ઈ-મેઈલ : haridesai@gmail.com